## ૧.૨ જૈન ધર્મના વર્તમાન સંપ્રદાયો અને વિશિષ્ઠતાઓ :

- જૈન ધર્મ
  - શ્વેતાંમ્બર સંપ્રદાય
    - મૂર્તિપૂજક
    - સ્થાનક વાસી
    - તેરાપંથી
  - દિગંબર સંપ્રદાય
    - બીસપંથી
    - તેરાપંથી

સંપ્રદાય એટલે શું ? : ધર્મના અનેક વિધ મતો – સિદ્ધાંતો માંથી અમુક મત કે સિદ્ધાંતને મુખ્યતાએ કરી તદ્દયોગ્ય આચાર – વિચાર સ્વીકારનારો વર્ગ ઉભો થવો તે સંપ્રદાય કહેવાય.

શ્વેતાંબર એટલે ? : જીવનભર શ્વેત ( સફેદ) વસ્ત્રોને ધારણ કરી, વીતરાગી બનવાની સાધના કરે તે શ્વેતાંબર કહેવાય.

દિગંબર એટલે ? : કેવલજ્ઞાન પ્રાપ્ત કરવામાં વસ્ત્ર અવરોધ કરે છે. તેથી નિર્વસ્ત્ર બની વીતરાગી બનવાની સાધના કરવી તે દિગંબર કહેવાય.

શ્વે. મૂર્તિપૂજકો : મંદિર, મૂતિપૂજા, ૪૫ આગમો ( ભગવાનની પ્રમાણભૂત વાણી) ને સ્વીકારે છે, તે શ્વેતાંબરો ભગવાનની બીજી પાટે વીર સં. ૬૦૯, માં આર્ય વજસ્વામી કે આ. ભદ્રબાહુ પછી દિગંબર – શ્વેતાંબરનો ભેદ પડ્યો માને છે. તે પ્રમાણયુક્ત માન્યતા જણાવી છે.

ઇ. સ. ૬–૭ સૈકામાં આ. ઉદ્યોતન સૂરિના ૮૪ શિષ્યો – પ્રશિષ્યોના આચરણા વિશેષના ભેદ પડતાં ૮૪ ગચ્છો એક કાળે હતાં. તેમાં હાલ તપાગચ્છ, અંચલગચ્છ, પાયચંદ ગચ્છ, ખરતરગચ્છ, વિમલગચ્છ અને ત્રિસ્તુતિક ગચ્છ વગેરે ઉપલબ્ધ છે. તે શ્વે. તપાગચ્છમાં શ્રી દેવસૂર સંઘ છેલ્લા ૨–૩ સૈકામાં વધુ પ્રચલિત રહ્યો અને ૭૧ મી પાટે થયેલા શ્રી મણિ વિજયજી દાદા અને અન્ય સાધુઓની પરંપરાના સમુદાયો હાલ વધુ પ્રસિધ્ધિને પામ્યા છે. તે વર્તમાન સાધુઓ, નીચેના સમુદાય તરીકે ઓળખાય છે.

jainuniversity.org

| આચાર્ય ભગવંત | સમુદાય | આ. ભગવંત | સમુદાય |
|---|---|---|---|
| આ. રામસૂરિ મ. સા. | શ્રી ડહેલાવાળા, | આ. પ્રેમસૂરિજી મ. સા. | શ્રી રામચંદ્રસૂરિ(અ) |
| આ. સિદ્ધિસૂરિજી મ. સા. | શ્રી બાપજી મ. સા. | ‘’ ‘’ ‘’ | શ્રી ભુવનભાનુ સૂરિ (ઇ) |
| આ. નેમિસૂરિજી મ. સા. | શ્રી શાસન સમ્રાટ | આ. નીતિસૂરિજી મ. સા. | શ્રી નીતિસૂરિજી |
| આ. કનકસૂરિજી મ. સા. | શ્રી વાગડવાળા | આ. શાંતિચંદ્રસૂરિ મ. સા. | શ્રી શાંતિચંદ્રસૂરિ |
| આ. ભક્તિસૂરિજી મ. સા. | શ્રી ભક્તિસૂરિ | આ. બુદ્ધિસાગરસૂરિ મ. સા. | શ્રી બુદ્ધિસાગરસૂરિ |
| આ. કેસરસૂરિજી મ. સા. | શ્રી કેશરસૂરિ | આ. આનંદ સાગરસૂરિ મ. સા. | શ્રી સાગરજી... |
| આ. મોહનસૂરિજી મ. સા. | શ્રી શ્રી ધર્મસૂરિ | આ. હિમાચલ સૂરિ મ. સા. | શ્રી હિમાચલસૂરિ |
| આ. વલ્લભસૂરિજી મ. સા. | શ્રી વલ્લભસૂરિ | આ. અમૃતસૂરિજી મ. સા. | શ્રી હાલારી |
| આ. લબ્ધિસૂરિજી મ. સા. | શ્રી લબ્ધિસૂરિ | | |

તે સિવાય અંચલ ગચ્છના આ. શ્રી ગુણોદય સાગરસૂરિ મ. સા.
પાયચંદ ગચ્છના આ. શ્રી વૃદ્ધિચંદ્રજીસૂરિજી મ. સા.
ખરતર ગચ્છના આ. શ્રી કાંતિ સાગરસૂરિજી મ. સા.
વિમલ ગચ્છના આ. શ્રી શાંતિવિમલ સૂરિજી મ. સા.
ત્રિસ્તુતિક ગચ્છના આ. શ્રી રાજેન્દ્રસૂરિજી મ. સા. ના સમુદાયો પણ પ્રચલિત છે.
ઉપરોક્ત શ્વે. મૂર્તિ ની પરંપરા વિદ્યમાન છે તે જણાવી છે.

## શ્વે. સ્થાનકવાસી :

વિક્રમ સં. ૧૫૦૮ માં મૂર્તિ નિષેધ કરનાર આગમ સૂત્ર લખનારા 'લોંકાશાહ' નામે મત ઉભો થયો અને મૂર્તિપૂજાના ઉલ્લેખ ન હોય તેવા ૩૨ આગમો સ્વીકારનાર થયો. સૂક્ષ્મ જીવહિંસાની પણ સંભાવના હોય તેવી ધર્મક્રિયા મંદિર ફોટાઓનો નિષેધ કર્યો. ઇ. સ. ૧૬૩૬ લવજીઋષિએ સાધુ–સાધ્વીજીને મુખ ઉપર મુહપતિ બંધાવાની હિમાયત કરી જે આજે પણ બાંધે છે. આરંભમાં લોંકા, પછી ઢુંઢુ સ્વામીના નામ ઉપર થી ઢુંઢીયા અને પછી સ્થાન (ઉપાશ્રય) માં જ રહેતા હોવાથી સ્થાનકવાસી તરીકે પ્રસિદ્ધ થયાં તેમાં હાલ સાધુ – સાધ્વીજી મ. સા. લગભગ ૨૪ સંપ્રદાયોમાં બિરાજમાન છે.

નામ સંપ્રદાય

૧) અખિલ ભારતીય શ્વે. સ્થાનકવાસી સંપ્રદાય ૨) જ્ઞાન ગચ્છ ૩) સાધુમાર્ગી ૪) રત્નવંશ ૫) જયમલગચ્છ,
૬) માયારામજી ૭) ધર્મ દાસજી ૮) નાનકસ્વામી ૯) શ્વે. સ્થા. મુનિ માયારામજી જૈન સંઘ ૧૦) હુકમ ગચ્છીય
૧૧) હંગામી– લાલજી ૧૨) વર્ધમાન વીતરાગ ૧૩) છ કોટિ લિંબડી અજરામર ૧૪) ગોંડલ મોટા પક્ષ ૧૫) લિંબડી ગોપાલ
૧૬) દરિયાપુરી આઠ કોટિ ૧૭) કચ્છ આઠ કોટિ મોટી પક્ષ (૧૮) કચ્છ આઠ કોટિનાની પક્ષ ૧૯) બોટાદ સંપ્રદાય
૨૦) સાયલા સંપ્રદાય ૨૧) ગોંડલ સંઘાણી ૨૨) બરવાળા સંપ્રદાય ૨૩) ખંભાત સંપ્રદાય અને ૨૪) હાલારી સંપ્રદાય આ રીતે ૨૪ સંપ્રદાયોમાં સાધ્વીજી મ. સા. ની સંખ્યા પ્રમાણમાં સારી છે.

## શ્વે. તેરાપંથી :

સ્થાનકવાસી સંપ્રદાયમાંથી વિ. સં. ૧૮૧૭ માં આ. રુઘનાથના શિષ્ય સંત ભિક્મજી (આચાર્ય ભિક્ષુ) એ તેરા પંથનો પ્રારંભ કર્યો. તેમણે વિશેષ પ્રકારે સૂક્ષ્મ જીવહિંસાનું પણ અનુમોદન ન થાય તેથી દયા–દાન ઉપાશ્રય વગેરે ધાર્મિક માન્યતાઓનો નિષેધ કર્યો અને તેઓ તેનાથી જુદા પડ્યાં ત્યારે શરૂ આતમાં ૧૩ સાધુઓ અલગ થયાં અને તેરાપંથ નામ પડ્યું આ સંપ્રદાયમાં ત્રણ પેટા વિભાગ છે.

૧) નવ તેરાપંથી સમુદાય : ૨) અર્હદ્ સંઘ સંપ્રદાય અને ૩) સન્મતિ સંઘ સંપ્રદાય તેમા હાલ આચાર્ય તુલસી ના યુવાચાર્ય મહાપ્રજ્ઞજી વર્તમાન શ્રેષ્ઠ તેઓમાં ગણાય છે. આ સંપ્રદાય એક જ આચાર્યના આચાર – વિચાર માટે જાણીતો છે.

## દિગંબર સંપ્રદાય :

jainuniversity.org

દિગંબરો પ્રભુ મહાવીરના સર્વ સાધુઓ નિર્વસ્ત્રી હતાં તેમ માને છે. અને શ્વેતાંબર દીગંબરના વીર સં. ૬૦૬ માં આ બે ભેદ પડ્યા જણાવે છે. આ મતે, ભગવાનની વાણી મૂળ સ્વરૂ પે બિલકુલ રહેવા પામી નથી તેથી આગમો સ્વીકારતા નથી સ્ત્રીનોમોક્ષ થતો નથી, પ્રભુવીરે લગ્ન કર્યા નથી, કેવલ જ્ઞાની ભગવંતો આહાર કરે નહિ, વગેરે તથા આ સંઘમાં સાધુઓ નિર્વસ્ત્રી હોય છે. હાથમાં લાકડાનું કમંડલુ મોર પીંછ સાથે રાખે છે, અને હાથમાં જ આહાર ગ્રહણ કરે છે. મૂર્તિ ચક્ષુ, ટીકા, કંદોરારહિત, માને છે. તેઓ ૪૫ આગમો શ્વે. સંમત, ગ્રહણ નથી કરતાં, પરંતુ શ્રી કુંદ કુંદાચાર્ય રચિત ગ્રંથોને આગમવત માને છે. આ સંપ્રદાયના સ્થાપક આર્ય શિવભૂતિ ગણાય છે. આ સંપ્રદાયમાં પણ બીસપંથી, તેરાપંથી, તોતાપુરી, ગુમાનપંથી, સમૈયા વગેરે અનેકમતી અનેક પેટા વિભાગો પણ રહેલા છે. તેઓમાં હાલ આ વિદ્યાસાગર મ. સા. તેરાપંથી સમાજના મુખ્ય પ્રવર્તમાન ગણાય છે.

## ઉપસંહાર

જૈન ધર્મના અનુયાયીઓમાં મતભેદ કે વિચાર ભેદ ને કારણે ભિન્ન ભિન્ન સંપ્રદાયો ગચ્છો – પંથો – સમુદાયો ઉભા થવા છતાં અહિંસા મહાવ્રતને પ્રથમ સ્થાન અપાયું હોવાથી ક્યારેય અન્ય ધર્મની જેમ હિંસક ઘટનાઓ થવા પામી નથી. તદુપરાંત પ્રભુ મહાવીરના મુખ્ય મુખ્ય સિદ્ધાંતો, દર્શન – જ્ઞાન – ચારિત્રની આરાધનાથી જ મોક્ષ, પાંચ મહાવ્રતો, ૭ કે ૯ તત્વો, ૮ કર્મો, ૨૪ તીર્થ કરો, ૧૪ ગુણ સ્થાનો, બ્રહ્મચર્ય – ધનત્યાગ – ઇલેક્ટ્રીસીટીનો અનુપયોગ વગેરે બાબતો સમાન પણે સ્વીકારે છે. અને સમગ્ર ભારત વર્ષમાં વિરાટ વટ વૃક્ષની જેમ ફેલાયેલા રહ્યાં છે.